ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૧.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૯૭ ટકા ● સાંજે ૮૧ ટકા

ગાંધીનગર તાપમાન

# જિલ્લાની પાંચ ઘરફોડનો ભેદ ઉકેલાયો

## સઘન પેટ્રોલીંગ દરમિયાન ઘ-૭ પ્રેસ સર્કલ પાસેથી બે ઘરફોડીયા પકડાયા

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર શહેર અને જિલ્લામાં છેલ્લા ઘણા સમયથી ચોરીના બનાવો વધી જવા પામ્યા છે. ચોર ઈસમો જાણે પોલીસને પડકાર ફેંકતા હોય તેવું લાગી રહ્યું છે. પોલીસના સઘન પેટ્રોલીંગ છતા નિશાચરો પોતાની કળા કરી જાય છે. ઘરફોડ ચોરીના બનાવો વધતા નગરજનો પણ ચિંતામાં ગરકાવ થઈ ગયા હતા. ત્યારે આજરોજ ગાંધીનગર એલસીબી પોલીસે ઘ-૭ પ્રેસ સર્કલ પાસેથી બે ચોર ઈસમોને ઝડપી પાડીને ગાંધીનગર, કલોલ અને અડાલજ સહિત કુલ ૫ ઘરફોડ ચોરીના ભેદ ઉકેલી નાંખ્યા છે. ઉપરાંત આ બે ઈસમોએ પોતાના અન્ય પાંચ સાગરીતો સાથે મળીને રાજયના જુદા-જુદા વિસ્તારમાં પણ ઘરફોડ ચોરીની પ્રવૃતિ આચરી હોવાનું જણાવ્યું છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગાંધીનગર એલસીબી ટીમના પીએસઆઈ યુ.આર.નાલવાયા, એએસઆઈ હજારીસિંહ ધીસાસિંહ, અહેકો. હરીભાઈ ડુંગરભાઈ, અમરતભાઈ રણછોડભાઈ, ભવાનસિંહ પૃથ્વીસિંહ અને અ.પો.કો. હરેન્દ્રસિંહ નટુભા ઘરફોડ ચોરીના ગુનાઓ શોધી કાઢવા માટે કાર્યરત હતા તે દરમિયાન પીએસઆઈ યુ.આર. નલવાયાને મળેલી માહિતીના આધારે સેકટર-૨૮ પ્રેસ સર્કલ પાસે આવેલ લોજ સામેથી બે ઈસમો રાજુ સવસીંગ બારી રહે. બારીયા ફળીયું છરછેડા તા.જી.દાહોદ, વિનોદ લાલભાઈ ભાભોર રહે. મકોડીયા ફળીયું, માતવા ગામ તા.ગરબાડા, જિ-દાહોદને શકમંદ હાલતમાં ઝડપી પાડી તેમની પાસેથી બે ડીસમીસ તથા એક હથોડી મળી આવી હતી. આ સાધનો અંગે તેમની ઉંડાણપૂર્વક પુછપરછ પોલીસે કરતા બંન્ને ઈસમોએ ઘરફોડ ચોરીઓ કરતા અને આ સાધનો પણ ઘરફોડ ચોરીમાં ઉપયોગ કરતા હોવાનું જણાવ્યું હતું. આ ઈસમોએ ગાંધીનગર જિલ્લામાં સેકટર-૨૧, ૭, કલોલ અને અડાલજ વિસ્તાર સહિત પાંચ ઘરફોડ ચોરી કરી હોવાનું જણાવ્યું હતું. તેમજ ઘરફોડ ચોરીને પોતાના સાથી મિત્રો સાથે અંજામ આપતા હોવાનો ખુલાસો કર્યો છે. પોતાના અન્ય સાગરીતમાં શૈલેષ રતનસિંહ ઉર્ફે રત્નાભાઈ કટારા, નરેશ સવસીંગભાઈ કટારા બંન્ને રહે. જેસાવાડા, તા, ગરબાડા, જી.દાહોદ, પંકજ લાલા ભાભોર રહે.માતવા, તા.ગરબાડા, જિ-દાહોદ, સુનિલ નરસિંગ વોહનીયા તેમજ રાકેશ જવરાભાઈ બારીયા બંન્ને રહે. છરછેડા તા.ગરબાડા, જિ. દાહોદ સાથે મળીને રાજયના મહેસાણા, વિજાપુર, બારડોલી, વડોદરા, હળવદ, આદીપુર, ભુજ, અંજાર સહિતના શહેરી વિસ્તારમાં ઘરફોડ ચોરીની ઘટનાઓને અંજામ આપી હોવાની માહિતી આપી છે.જયારે ઉપરોકત બંન્ને રીઢા ઘરફોડીયાઓએ ભુતકાળમાં અમદાવાદમાં પણ ત્રણ ઘરફોડ ચોરીના ગુનાઓમાં ઝડપાઈ જતા ૬ મહિના જેલમાં રહી ચુકયા છે.








ગાંધીનગર શહેરના ચકાચક માર્ગો પર વાહનચાલકો બેફામ ગતિએ પોતાના વાહનો હંકારતા હોય છે. બેફામ ગતિએ જતા વાહનચાલકો ગમે ત્યારે અકસ્માત નોતરતા હોય છે ત્યારે આજે સવારના સમયે ચ-૨ થી ચ-૩ તરફ જવાના માર્ગ પર અચાનક કંઈક આગળ આવી જતા એક ગાડીએ બ્રેક મારતા એકની પાછળ એક એમ કુલ પાંચ ગાડીઓ ભટકાઈ હતી. અલ્ટો, ડસ્ટર, હોન્ડા સહિતની ગાડીઓને અકસ્માતને પગલે ભારે નુકશાન થયું હતું. જો કે આ અકસ્માતમાં સદનસીબે કોઈ જાનહાની થવા પામી ન હતી. આ અકસ્માતને પગલે થોડીવાર માટે ટ્રાફિક જામ થઈ ગયો હતો.

## શહેરના ૫૦ ગરીબ બાળકોને શહેરના યુવાનો 'નડાબેટ બોર્ડર'નું દર્શન કરાવશે

ગાંધીનગરના સેવાભાવી યુવાનો દ્વારા વધુ એક રાષ્ટ્ર સેવાનું કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. શહેરના ૫૦ જેટલા ગરીબ બાળકોને આગામી તા. ૧૯મી જુલાઈના રોજ વિના મૂલ્યે રાજયની નડાબેટ બોર્ડર ખાતે સરહદ દર્શન માટે લઈ જવાનું આયોજન કરવામાં આવ્યું છે. દેશના વીર જવાનોના બલિદાનનું મહત્વ બાળકોને સમજાય અને નાની ઉંમરથી જ રાષ્ટ્રપ્રેમ તરફ આગળ વધે તે હેતુથી આયોજિત આ નડાબેટ બોર્ડર પ્રવાસમાં જરૂરિયાતમંદ વર્ગના બાળકો અનુભવ સાથે ઘણું બધું શીખશે. આ રાષ્ટ્રસેવાના કાર્યમાં રાષ્ટ્રપ્રેમી નગરિકોને યુવાનો દ્વારા મદદરૂપ થવા હાકલ કરવામાં આવી છે. આ સદકાર્યમાં મદદરૂપ થવા માંગતા નાગરિકોએ તા. ૧૮ જુલાઈ સુધીમાં તન્મય પટેલનો મો.નં. ૯૧૫૭૬ ૩૭૮૭૭, રાહુલ સુખડીયા ૮૧૪૧૭૪૩૨૪૧ અથવા સુરજ મુંજાણી ૭૨૦૧૯ ૧૭૪૯૦ પર સંપર્ક સાધવા યુવાનોએ જણાવ્યું છે. આ સેવા કાર્યને મદદરૂપ થવા મો.નં. ૭૨૦૧૯૧૭૪૯૦ પર ઓનલાઈન દાન સહયોગ પણ આપી શકાશે.

## આવતીકાલે પૂ. સુનીલસાગરજી મહારાજનું ચાતુર્માસ પ્રવેશે ભવ્ય સ્વાગત કરાશે

**કેબિનેટ મંત્રી ગણપતભાઈ વસાવા તથા મેયર પ્રવિણભાઈ પટેલ ઉપસ્થિત રહેશે ખ-૫ સર્કલે સ્વાગત કાર્યક્રમ યોજાશે**

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર ખાતે તા. ૧૮મી જુલાઈ બુધવારથી ૨૨મા ચાતુર્માસ નિમિત્તે દિગંબર જૈન આચાર્ય પૂ. સુનીલસાગરજી મહારાજ તથા ૪૦ મુની-માતાજીઓના સંઘ સાથે પધારી રહ્યા છે. પૂ. મહારાજ તથા સંઘનું સવારે ૭ કલાકે શહેરના ખ-૬ એલડીઆરપી સર્કલ ખાતે ભવ્ય સ્વાગત કરાશે. જેમાં રાજયના પ્રવાસન મંત્રી ગણપતભાઈ વસાવા તેમજ શહેરના મેયર પ્રવિણભાઈ પટેલ સહિત મોટી સંખ્યામાં દિગંબર જૈન શ્રધ્ધાળુઓ ઉપસ્થિત રહેશે. પૂ. મહારાજ તથા સંઘનું ખ-૫ પછી ગ-૫, ઘ-૫, ચ-૫, સચિવાલય, સે-૨૧ દેરાસર વગેરે સ્થળે પણ સ્વાગત કરાશે. ત્યારબાદ એમએલએ કવાટર્સની બાજુમાં દિગંબર જૈન દેરાસર પાસેના મેદાનમાં પ્રવેશ પ્રવચન યોજાશે.



ગાંધીનગરના સકલ દિગંબર જૈન સમાજ દ્વારા આયોજિત ૨૨મા ચાતુર્માસ મહોત્સવ પ્રસંગે પૂ. સુનીલ સાગરજી મહારાજ દ્વારા તા. ૨૦મીથી ૨૭મી જુલાઈ દરમિયાન નંદીશ્વર વિધાન યોજાશે ત્યારબાદ તા. ૨૯મી જુલાઈના રોજ બપોરે ૧ કલાકે મંગળ કળશની સ્થાપના કરાશે. તમામ કાર્યક્રમ સે-૨૧માં દિગંબર જૈન દેરાસર પાસેના મેદાનમાં યોજાશે. જયાં પૂ. મહારાજ તથા સંઘ તેમના ચાતુર્માસ કરશે. પૂ. મહારાજ તથા સંઘના ચાતુર્માસ પ્રવેશ પ્રસંગે શહેરના તમામ ધર્મપ્રેમી શ્રધ્ધાળુઓને ઉપસ્થિત રહેવા જાહેર આમંત્રણ અપાયું છે. જેમાં પુરુષ શ્રધ્ધાળુઓને સફેદ તેમજ મહિલા શ્રધ્ધાળુઓને કેસરી વસ્ત્રમાં પધારવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# ગાંધીનગર ખાતે કલા મહાકુંભ - ૨૦૧૮નો આરંભ

## કલા મહાકુંભ – ૨૦૧૮માં ૩ લાખ ૭૦ હજારથી વધુ કલાકારોએ રજિસ્ટ્રેશન કરાવ્યું






ગાંધીનગર, તા.૧૬

ભારતીય સંસ્કૃતિ ઉત્સવ પ્રિય છે. આપણા સૌના જીવનમાં ઉત્સવ – તહેવારોનું મહત્વ પણ અનેરૂ છે. આપણી સંસ્કૃતિમાં કલાકારોની કલાનું પ્રાચન કાળથી સન્માન કરવામાં આવી રહ્યું છે, ગાંધીનગરની શ્રી વેદ સ્કુલ ખાતેથી કલા મહાકુંભ – ૨૦૧૮ નો આરંભ કરાવતાં રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલે જણાવ્યું હતું.

ગત વર્ષ ગાંધીનગર જિલ્લામાં કલા મહાકુંભમાં ૮,૭૫૪ કલાકારો દ્વારા રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું. જેમાંથી બે હજાર જેટલા કલાકારોને પ્રોત્સાહિત કરવા માટે રૂપિયા ૪ લાખથી વધુના ઈનામ રાજય સરકાર દ્વારા આપવામાં આવ્યા હતા. તે ઉપરાંત રાજયભરના કલાકારોને પ્રોત્સાહિત કરવા માટે ૨ કરોડ ૮૩ લાખ રૂપિયાના પુરસ્કાર ગત વર્ષ આપવામાં આવ્યા હતા. બીજા વર્ષમાં પ્રવેશ કરતાં કલા મહાકુંભ – ૨૦૧૮માં ૩ લાખ ૭૦ હજારથી વધુ કલાકારોએ પોતાના નામનું રજિસ્ટ્રેશન કરાવ્યું છે. તે ઉપરાંત અત્યાર સુધી કુલ- ૨૨ કૃતિઓનો સમાવેશ કલા મહાકુંભમાં હતો. ચાલુ વર્ષે સમુહ લગ્ન ગીત/ ફટાણા, કુચિપુડી, સરોદ, સારંગી, જોડીયાપાવા, રાવણહથ્થો અને ભવાઈ એમ સાત નવી કૃતિઓનો ઉમેરો કરવામાં આવ્યો છે. ચાલુ વર્ષમાં કુલ- ૨૯ કૃતિઓમાં ૬ થી ૬૦ વર્ષથી ઉપરના સીનીયર સિટીઝન્સ અલગ અલગ કૃતિઓમાં પોતાની વય જુથમાં ભાગ લીધો છે. આ વર્ષથી કલા મહાકુંભનું રજીસ્ટ્રેશન ઓનલાઈન અને ઓફલાઈન બન્ને રીતે કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલ અને મહાનુભાવો દ્વારા દીપપ્રાગટય કરીને કાર્યક્રમને ખુલ્લો મુક્યો હતો. તેમજ દિવ્યાંગ બાળકો દ્વારા કલા મહાકુંભ-૨૦૧૮ નો આરંભ ગીત, સુગમ સંગીત, હાર્મોનિયમ અને ઓર્ગન વગાડી કરવામાં આવ્યો હતો. દિવ્યાંગ બાળકોમાં રહેલી કલાને જોઈ સૌ કોઈ ઉપસ્થિત લોકો મંત્રમુગ્ધ થઈ ગયા હતા. મંત્રીશ્રીના હસ્તે તબલા વાદક દિવ્યાંગ બાળક કૌશલ રાઠોડનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના આરંભે રમતગમત, યુવક સેવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના સચિવ શ્રી ડૉ. અશોકભાઈ રાવલે મહાનુભાવોનું સ્વાગત કર્યુ હતું. કાર્યક્રમના અંતે આભારવિધી ગાંધીનગર જિલ્લા રમતગમત અધિકારી શ્રી વી.બી.દત્તાએ કરી હતી.

આ પ્રસંગે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રી પ્રવિણભાઈ પટેલ, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના કમિશનર શ્રી સતીશ પટેલ, જિલ્લા કલેકટર શ્રી એસ.કે.લાંગા, ગાંધીનગર મહાનગરપાલિકાના કમિશનર શ્રી સંજય અમરાણી, જિલ્લા વિકાસ અધિકારી શ્રી હિતેષ કોયા, એસએજીના સચિવ શ્રી ડી.ડી.કાપડિયા, યુવક સેવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના સંયુક્ત સચિવ શ્રી સુરેશ કાનાબાર અને ભાવેશ એરડા, ગાંધીનગર મહાનગરપાલિકાના નાયબ મ્યુનિસિપલ કમિશનર શ્રી જે.બી.બારીયા, ગાંધીનગર પ્રાંત અધિકારી શ્રી ઋતુરાજ દેસાઈ, જિલ્લા શિક્ષણાધિકારી શ્રી એસ.એમ.બારડ, શ્રી વેદ સ્કુલના ટ્રસ્ટી શ્રી બી.એમ.પટેલ સહિત મોટી સંખ્યામાં શાળાના વિદ્યાર્થીઓ અને નગરજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

# ચિલોડામાં તંત્રના વાંકે સમૃધ્ધ તળાવોની દુર્દશા

## ગામ વચ્ચેનું તળાવ જંગલી વનસ્પતિથી ઢંકાઈ ગયું, જયારે દહેગામ રોડ ઉપરના તળાવમાં ગંદકીના થર, તળાવનો શૌચાલય તરીકે ઉપયોગ

ગાંધીનગર, તા.૧૬

રાજય સરકારે જળ સંચય યોજના થકી ગામે ગામ તળાવો ઉંડા કરી વિપુલ માત્રામાં પાણીનો સંગ્રહ થાય એવું આયોજન કર્યુ હતું. જેમાં રાજયના પાટનગરના પડોશી એવા ચિલોડાના બે સમૃધ્ધ તળાવો તંત્રની લાપરવાહીથી બીન ઉપયોગી અને રોગચાળાના ઘર બન્યા છે. જળસંચય હેઠળ ગામ મધ્યેના તળાવને આવરી લેવાયું હતું પરંતુ તંત્રના અધિકારીઓ તળાવના ફકત દર્શન કરી પરત ફર્યા હતા જે અંગેના કોઈ જ અસરકારક પગલાં લેવાયા નહોતા.

ચિલોડા ગામ મધ્યેના ૧૫ વિઘામાં પથરાયેલા સમૃધ્ધ તળાવ ઉપર જંગલી વનસ્પતિનું પ્રભુત્વ ઉભું થયું છે જેને કારણે ઝેરી જીવજંતુઓનો ઉપદ્રવ વધી ગયો છે અને નજીકમાં રહેતા લોકોમાં ડેન્ગ્યુ, મેલેરિયા, તાવ જેવા રોગોએ ઘર કર્યુ છે. વધુમાં સુજલામ-સુફલામના શુધ્ધ પાણીનું આ તળાવમાં જોડાણ આપી પાણીનો વેડફાટ થઈ રહ્યો છે. ગામનું તથા ધણપથી મુઠીયા જતી કાંસમાં વરસાદનું પાણી ઓવરફલો થઈ આ તળાવમાં આવે છે જયારે આગળના ભાગે રહેલી રેસ્ટોરન્ટ, હોટલ અને ગેરેજવાળાઓના ગંદા પાણી આ તળાવમાં ઠલવાઈ રહ્યા છે જેમાં વળી પંચવટી સોસાયટી તથા પીપળાવાળા વાસના ગંદા પાણીનો નિકાલ કરવા ગટરને તળાવમાં જોડી છે જેથી આ તળાવની સ્થિતિ ભયંકર બની છે.





જયારે દહેગામ માર્ગ ઉપરનું તળાવ યોગ્ય માવજતના અભાવે શૌચાલય બની ગયું છે. આ તળાવ નજીક ચિલોડા-શિહોલી ગૃપ માધ્યમિક શાળા આવેલી છે જેથી બાળકોના સ્વાસ્થ્ય ઉપર પણ ગંભીર અસરો પહોંચે છે. ગ્રામસેવકનું બિન ઉપયોગી જર્જરીત મકાન વર્ષોથી તળાવ નજીક છે જે કારણે લોકો ચિલોડામાં શૌચાલયના અભાવે અહીં લઘુશંકા અને શૌચક્રિયા કરી રહ્યા છે. આમ ચોમાસાના પાણીનો પણ આ તળાવમાં સંગ્રહ થશે નહી જે કારણે છતાં તળાવે ગ્રામજનોને પાણીના વલખાં થવાની નોબત આવી છે.

ચિલોડાના આ બંને તળાવોમાં સ્થાનિક, પંચાયત કે અન્ય સરકારી તંત્ર દ્વારા દવાનો પણ છંટકાવ કરવામાં આવતો નથી સરકાર સમગ્ર રાજયમાં નદી, નાળા અને તળાવોને વિકસીત કરી પાણી અંગે ચિંતીત છે ત્યારે ચિલોડાના આ સમૃધ્ધ તળાવો અંગે તાત્કાલિક પગલાં લેવાય તેવી માંગ ઉઠી છે.

## @ગાંધીનગર

● જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ દ્વારા સાંજે ૪ થી ૬ કલાકે વ્યસન મુકિત અને માદક દ્રવ્યોની હેરાફેરીની જાગૃતિ માટે કુડાસણ મુકામે કાનુની શિબિર સીતારામભાઈ પટેલ અને રાજુભાઈ ગજ્જર (પી.એલ.વી.) દ્વારા યોજાશે.

## વાતવાતમાં

● ગાંધીનગરમાં આદિવાડા ખાતે દેશી દારૂની જનતા રેડનો કિસ્સો હજુ તાજો જ છે ત્યાં જિલ્લાના ધણપ ખાતેથી દેશી દારૂ ઝડપાયો છે. ધણપ ખાતેથી પોલીસે ૨ લીટર દેશી દારૂ ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

● શહેરના અંતિમધામ મુકિતધામ સ્મશાન ખાતે અડાલજ પોલિસ સ્ટેશન દ્વારા એક પાણીમાં પડી જવાથી મૃત્યુ પામેલ પુરુષની બિનવારસી લાશને અંતિમક્રિયા માટે લાવવામાં આવી હતી. જેની વિધિ અનુસાર મુકિતધામના સ્ટાફ દ્વારા અંતિમવિધિ કરવામાં આવી હતી.

## આવતીકાલે શ્વેતાંબર મુનીઓના ચાતુર્માસ પ્રવેશ દરમિયાન સ્વાગત કરાશે

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર શ્વેતાંબર મૂર્તિ પૂજક જૈન સંઘ સેકટર-૨૨ ખાતે યુગ પ્રધાન આચાર્ય ચંદ્રશેખર વિજયજી મહારાજ સાહેબના શિષ્ય પૂ. મુની વિશ્વરક્ષિત વિજયજી મહારાજ સાહેબ, પૂ.મુની ધર્મભૂષણ વિજયજી મા.સા. તથા પૂ.મુની વિમલયશ વિજયજી મા.સા.નું ચર્તુર માસ પ્રવેશ તા. ૧૮-૭-૨૦૧૮ના સવારે ૭.૧૫ કલાકે જિલ્લા પંચાયતથી વાજતે ગાજતે કરાશે અને ૮.૧૫ કલાકે સે-૨૨ જિનાલય દર્શનૈ ચૈત્ય વંદન તેમજ ગુરુદેવનું પ્રવચન આ ચાતુર્માસ દરમિયાન ગુરુ ભગતો દ્વારા દ્રવ્યભાવ ધર્મની માર્મીક સમજણ આપવામાં આવશે. આ પ્રસંગે ગાંધીનગર શ્વેતાંબર મુર્તી પુજક જૈન સંઘ સેકટર-૨૨ના સકળ સંઘના સભ્યોને લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

## આજે ડૉ. આંબેડકર હોલ ખાતે નાટક 'ભીમ ગાથા' યોજાશે

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરના સેકટર-૧૨માં ડૉ. આંબેડકર હોલ ખાતે તા. ૧૭મી જુલાઈ મંગળવારના રોજ રાત્રે ૮.૩૦ કલાકે ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરના જીવન આધારિત એક વાઈબ્રન્ટ નાટકનું આયોજન કરવામાં આવ્યું છે. 'ભીમ ગાથા' નામના આ નાટકનું આયોજન અમદાવાદના દાણીલીમડા વિસ્તારના ભાજપના વોર્ડ પ્રમુખ રાજેશભાઈ વાઘેલા દ્વારા ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગથી કરવામાં આવ્યુ છે. જેમાં સમાજ સમાજ વચ્ચેના ભેદને દુર કરતી સમજ આપતી વાત પ્રસ્તુત કરવામાં આવી છે. આ નાટકના ડિરેકટર રાજેશ વાઘેલા તથા જસવંત પરમાર છે. આ નાટકમાં કેબિનેટ મંત્રી ઈશ્વરભાઈ પરમાર ઉપસ્થિત રહેશે તેમજ પૂર્વ કેબિનેટ મંત્રી આત્મારામ પરમાર અને ધારાસભ્ય હિતુભાઈ કનોડીયા પણ ઉપસ્થિત રહેશે. 'ભીમ ગાથા' નાટકમાં ગુજરાતી ટીવી સિરીયલની અભિનેત્રી નાદિયા હિમાની પણ અભિનયના અજવાળા પાથરી રહ્યા છે.

## ચિરવિદાય

- સ્વ. અજયસિંહ દિલાવર સિંહ ડાભી, ઉ.વ. ૧૭
- સ્વ. ઠાકોર ગગાજી સોમાજી, ઉ.વ. ૩૫